સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

# અનાદિમુક્ત વિશ્રામ

## શિલાન્યાસ

તથા

## ગુરુદેવ પ.પૂ.બાપજી
## ૯૨મો પ્રાગટ્યોત્સવ

# લાભાર્થી માર્ગદર્શિકા

દિવ્ય આશીર્વાદ : ગુરુદેવ પ.પૂ.બાપજી

પ્રેરણામૂર્તિ : વ્હાલા ગુરુવર્ય પ.પૂ.સ્વામીશ્રી

SMVS

## ૦૧ રૂટ માહિતી

- **અમદાવાદ પૂર્વ :**

**નરોડા, વસ્ત્રાલ, નિકોલ, ઘનશ્યામનગર વિગેરે..**
દહેગામ થી બાયડ, બાયડ થી ધનસુરા, ધનસુરા થી અનાદિમુક્ત વિશ્વમ્

- **અમદાવાદ પશ્ચિમ :**

**ઘાટલોડિયા, ગોતા, વાસણા, બોપલ, સાણંદ વિગેરે..**
**તેમજ ગાંધીનગર, સૌરાષ્ટ્ર ઝોનઃ૧, ૨, ભૂજ-કચ્છ**
સ્વામિનારાયણ ધામ થી ચિલોડા સર્કલ, ચિલોડા સર્કલ થી હિંમતનગર, હિંમતનગર થી રણાસણ, રણાસણ થી શિકા, શિકા થી અનાદિમુક્ત વિશ્વમ્.


- **ઉત્તર ગુજરાત :**

**મહેસાણા, પાટણ, વિજાપુર, વિસનગર, ઊંઝા વિગેરે..**
હિંમતનગર થી રણાસણ, રણાસણ થી શિકા, શિકા થી અનાદિમુક્ત વિશ્વમ્.

- **મુંબઈ, સુરત, વડોદરા ગોધરા, ગોધર વિગેરે..**
  વડોદરા થી હાલોલ, હાલોલ થી ગોધરા બાયપાસ, ગોધરા બાયપાસ થી લુણાવાડા, લુણાવાડા થી મોડાસા, મોડાસા થી અનાદિમુક્ત વિશ્વમ

**ઉપરોક્ત રૂટના મેપ સંસ્થાના 'ભલે દયાળુ' વોટ્સઅપ ગ્રુપમાંથી મેળવી પધારવાનું રહેશે.**

# ૦૨ રોડ મેપ




| રૂટ નંબર | રૂટ કલર | આ રૂટને લાગુ પડતા શહેરો...૧ |
|---|---|---|
| | - - | અમદાવાદ પૂર્વઃ નરોડા, વસ્ત્રાલ, નિકોલ, ઘનશ્યામનગર, ઈસનપુર વગેરે... |
| ૨ | - - | અમદાવાદ પશ્ચિમઃ ઘાટલોડિયા, ગોતા, વાસણા, સેટેલાઈટ, સાણંદ, ગાંધીનગર, સૌરાષ્ટ્ર ઝોન-૧ અને ૨, કચ્છ-ભુજ, સ્વામિનારાયણ ધામ વગેરે... |
| 3 | - - | ઉત્તર ગુજરાતઃ મહેસાણા, પાટણ, વિજાપુર, વિસનગર, ઊંઝા વગેરે... |
| ૪ | - - | મુંબઈ, સુરત, વડોદરા, ગોધર, ગોધરા વગેરે... |

**રૂટ નંબર - ૧**

- **અમદાવાદ પૂર્વ :** નરોડા, વસ્ત્રાલ, નિકોલ, ઘનશ્યામનગર, ઇસનપુર વિગેરે..

**રૂટ નંબર - ૨**

- **અમદાવાદ પશ્ચિમ :** ઘાટલોડિયા, ગોતા, વાસણા, બોપલ, સાણંદ વિગેરે..
- **તેમજ ગાંધીનગર, સ્વામિનારાયણ ધામ, સૌરાષ્ટ્ર ઝોન:૧, સૌરાષ્ટ્ર ઝોન:૨, ભૂજ-કચ્છ**

**રૂટ નંબર - ૩**

- **ઉત્તર ગુજરાત :** મહેસાણા, પાટણ, વિજાપુર, વિસનગર, ઊંઝા વિગેરે..

**રૂટ નંબર - ૪**

- **મુંબઈ, સુરત, વડોદરા ગોધરા, ગોધર વિગેરે..**

## ૦૩ ઉતારા બાબતે

- અનાદિમુક્ત વિશ્વમ્ સંકુલમાં કોઈ પ્રકારની વ્યવસ્થા નથી તેમજ આજુબાજુના વિસ્તારોમાં પણ કોઈ એવી વ્યવસ્થા ન હોવાથી ઉતારા મળી શકે તેમ નથી.

- સૌએ પોતપોતાની રીતે જ વ્યવસ્થા કરવાની રહેશે. પૂ.સંતો કે લોકલ હરિભક્તોને શરમાવવા નહીં.

## ૦૪ વાહન પાર્કિંગ બાબતે

- અમદાવાદ-ગાંધીનગર તથા ઉત્તર ગુજરાત તેમજ સૌરાષ્ટ્ર, કચ્છ તરફથી કોઈપણ ઝોનમાંથી આવતી બસો માટે **પાર્કિંગ નં-૧** માં બસો તથા મોટા વાહનો પાર્ક કરવાના રહેશે.

- અમદાવાદ-ગાંધીનગર, ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર તથા કચ્છ તરફથી આવતી ફોર વ્હીલર માટે **પાર્કિંગ નંબર-૨** માં વાહન પાર્ક કરવાના રહેશે.

- મુંબઈ, સુરત, વડોદરા, હાલોલ, ગોધરા, ગોધર વિસ્તારોમાંથી આવતી બસો તથા મોટા વાહનો માટે **પાર્કિંગ નંબર-૬** માં વાહનો લેનની સીસ્ટમ મુજબ સ્વયંસેવકોની સુચના પ્રમાણે પાર્ક કરવાના રહેશે.

- મુંબઈ, સુરત, વડોદરા, હાલોલ, ગોધરા, ગોધર વિસ્તારોમાંથી આવતા ફોર વ્હીલર તથા ટુ વ્હીલર વાહનો માટે **પાર્કિંગ નંબર-૪,૫** માં વાહનો સ્વયંસેવકોની સુચના મુજબ લેન સીસ્ટમ મુકવાના રહેશે. તદઉપરાંત આપના વાહનની લેન તથા પાર્કિંગ નંબરની કુપન આપવામા આવશે.

- નક્કી કરેલા પાર્કિંગ પ્લોટમાં જ ફરજીયાતપણે વાહનો પાર્ક કરવા અન્ય જગ્યાએ મુકેલા વાહનોની જવાબદારી સંસ્થાની રહેશે નહિ.

- રસ્તામાં કોઈએ અડચણ ઉભી થાય અને સંસ્થાનું અને ગુરુજીનું અશોભનીય લાગે તેવું વર્તન કરી અવ્યવસ્થા ઉભી ન કરવી.

- પાર્કિંગ તથા સલામતીના સ્વયંસેવકોની સૂચના મુજબ વાહનો પાર્ક કરી ઉત્સવની સેવામાં સહભાગી થઇએ. તેમની સાથે વાદવિવાદ ન કરવો.

- પાર્કિંગના સ્વયંસેવકો અતિશય ગરમીમાં સવાર થી રાત સુધી ગુરુજીને રાજી કરવા આવી રહ્યા છે તો તેમનો મહિમા સમજી સહકાર આપવો.

- બસ તથા કાર પાર્કિંગ કર્યા બાદ પાસ લઈને જવું જેથી પ્રોગ્રામ બાદ બસ કે કાર મેળવવામાં અગવડતા ન પડે.

- બસ પાર્કિંગ તથા અન્ય દૂરના પાર્કિંગમાંથી ઉત્સવ સ્થળના ગેટ સુધી પહચવા માટે શટલ સર્વિસ વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં સશક્ત મુકતોએ શક્ય હોય તો ચાલીને જવું અને વડીલો, અશક્ત અને મહિલા વર્ગને પ્રથમ ચાન્સ આપી સેવામાં સહભાગી થઇ ગુરુજીનો રાજીપો મેળવીએ.

- દરેક પાર્કિંગમાં જવા માટે ઉત્સવ સંકુલના એન્ટ્રી ગેટ પાસે પીક અપ પોઈન્ટ ઉપરથી શટલ સર્વિસની સેવા પૂરી પાડવામાં આવશે.
- પાર્કિંગ સમય રાત્રે ૧૦:૩૦ સુધીનો રહેશે. ત્યાં સુધીમાં આપના વાહનો પાર્કિંગ સ્થળ પરથી લઇ લેવા.

- રાત્રિના ૧૦:૩૦ પછી સેવા માટે રોકાવાનું થાય તો વાહન પાર્કિંગમાંથી લઇ ઉત્સવ સંકુલમાં લાવી મૂકી દેવા.

- બસ કે ફોર વ્હીલરના ડ્રાઈવર કંડકટરો પણ મહારાજના મુકતો છે એમ સમજી એમને પણ શક્ય હોય તો પ્રોગ્રામનો લાભ લેવડાવવો. છેવટે પ્રસાદ જમાડવાની ચિંતા રાખી જમાડીને ગુરુજીનો અંતરનો રાજીપો મેળવવો.

## ૦૫ પ્રોગ્રામ આવતાં પૂર્વે

- જે તે સેન્ટરોમાંથી બસ ઉપડવાનો સમય નક્કી કર્યો હોય તે મુજબ સમયસર જે તે સ્થળે પહચી બસ વ્યવસ્થાપકોને સહકાર આપવો.

- બસ વ્યવસ્થાપકોએ પાર્કિંગ લીડરના નંબર સાથે રાખવા. કંઈપણ મુશ્કેલી પડે તો તેમનો સંપર્ક કરી સહાય મેળવવી.
  જીગ્નેશભાઈ દેસાઈ - ૯૪૨૯૩૫૪૮૭૨,
  રવિન્દ્રભાઈ યાદવ - ૯૮૨૫૯૭૫૮૫૬,
  અનિલભાઈ પટેલ - ૯૮૨૪૪૨૪૭૬૧,
  નિલેશભાઈ પટેલ - ૮૫૧૧૧૯૫૩૦૪

- વિશાળ કેમ્પસ હોવાથી બાળકોને છૂટા ન જ મૂકવા.

- કેમ્પસમાં ક્લોકરૂમની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

- કાયમી બીમારી હોય તો તે મુજબ દવા-ઈન્જેક્શન સાથે રાખવા. છતાંય જરૂર પડ્યે કેમ્પસમાં સભામંડપ આગળ મેડીકલ સેન્ટરની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

- કિંમતી વસ્તુ, ઘરેણા કે મોટી રકમ સાથે લાવવા નહિ.

- આધારકાર્ડ અને આયુષ્માન કાર્ડ પણ સાથે રાખવા.

## ૦૬ અનાદિમુક્ત વિશ્વમ્ કેમ્પસ બાબતે

- ગરમીના દિવસો હોવાને કારણે પાર્કિંગમાં તથા કેમ્પસમાં ઠંડી મસાલાવાળી છાશ, શરબત તથા ઠંડા પાણીની વ્યવસ્થા રાખવામાં આવશે.
- ઠંડા પાણી માટે જરૂર પડે પ્લાસ્ટિકની બોટલ પણ એન્ટ્રસમાં આપવામાં આવશે.
- કેમ્પસ હજી ડેવલપ કરવાનું બાકી હોવાથી કોઈ ઝાડ, છોડ કે આરામની વ્યવસ્થા નથી તો તે મુજબ તૈયારી રાખીને બપોરે 3 વાગ્યે પછી જ પધારવું.
- કેમ્પસમાં ગુરુજી દર્શન વિભાગમાં બપોરે 3.00 થી ૪:30 ગુરુજી ના નિકટ દર્શન નો લાભ મળશે તો તે પ્રમાણે આયોજન કરવું, સભા બાદ ગુરુજીના નિકટ દર્શનનું આયોજન રાખેલ નથી.
- કેમ્પસમાં સલામતીવાળા મુક્તોની સૂચના મુજબ જ ‘ભૂમિદર્શન’ નો લાભ લેશો. જે સ્થાનોને પ્રતિબંધિત કર્યા હોય અને સલામતીના સ્વયંસેવકો મનાઈ કરતા હોય તો ત્યાં જવાનો આગ્રહ ન જ રાખો જેથી આપણું કે અને સંસ્થા જોખમમાં ન મૂકાય.
- કેમ્પસમાં ધર્મદેવ ઉપહાર ગૃહની વ્યવસ્થા કરેલ છે જેમાં ગરમ નમકીન તથા ઠંડી વસ્તુઓનો લાભ મળશે.

- કેમ્પસની એન્ટ્રીમાં ગરમીથી રક્ષણ મળી રહે તે માટે કેપ (ટોપી) ડિસ્કાઉન્ટ રેટ માત્ર ૧૦૩.માં આપવામાં આવશે.
- કેમ્પસની પવિત્રતા ખંડિત ન થાય તેનું ખાસ ધ્યાન રાખવું.
- ગુરુજીની ખાસ ચોખ્ખાઈની રૂચિ હોય છે તે મુજબ કેમ્પસમાં ગમે ત્યાં કચરો ન નાખતા બોટલો, કપ, કોથળીઓ વિગેરે ડસ્ટબીનમાં જ નાખવી.
- ઘરધણી તરીકે કેમ્પસમાં કચરો પડ્યો હોય તો તે લઈને ડસ્ટબીનમાં નાખી ગુરુજીને રાજી કરવા.

## ૦૭ શિસ્તસંબંધી સૂચનાઓ

- સ્વયંસેવકો, વ્યવસ્થાપકો અને અન્ય લાભાર્થી સાથે સહકારની ભાવનાથી, આદરપૂર્વક, સુહ્રદયભાવથી વર્તન કરવું. વ્યવસ્થાને અનુસરવું ક્યાય ચર્ચા કે વાદવિવાદમાં ન પડવું. અન્યત ગંભીર પ્રશ્નો ઉભા થાય તો જવાબદાર પૂ.સંતો કે સંયોજક-નિરીક્ષકોને જણાવવું પણ સ્વયંસેવકો સાથે વાદવિવાદ કરી ગુરુજી દુ:ખી થાય તેવું વર્તન ન જ કરવું.
- કોઈ પણ અણબનાવ બન્યો હોય કે અકસ્માત થયો હોય તો તેના ફોટા કે વિડીયો ન પાડવા અને અન્યને શેર ન કરવા. જવાબદાર વ્યક્તિને જાણ કરવી શક્ય હોય તેટલી મદદ કરવી.

## ૦૮ ભોજનશાળા બાબતે

- જે તે હરિભક્તોને જે પાસ આપ્યા હોય તે મુજબ તે જ ભોજનશાળામાં લાભ લેવો.
- પાસ વિનાના અન્ય મુક્તોએ **"સ્વામિનારાયણ ભોજનશાળા"** અલગ અલગ સેન્ટરો મુજબ કરેલ ભોજનશાળામાં પ્રસાદ લેવા જવાનું રહેશે.
- ભોજન પ્રસાદ લેવા સમયે લાઈનમાં જ ઊભા રહી, ધક્કા મૂકી ન કરી ગુરુજીના રાજીપાના પાત્ર બનવાનો આગ્રહ રાખીએ.
- મેનુ તમામ ભોજનશાળામાં એક સરખું જ છે કોઈ જ ફેરફાર નથી.

## ૦૯ ગુરુજીની રૂચી

- કોઇની સાથે ઊંચા અવાજે વાત ન કરવી, કોઈપણ સંજોગોમાં ક્રોધ કે ગુસ્સો ન જ કરવો.
- હાથ જોડી “દયાળુ રાજી રહેજો” શબ્દપ્રયોગથી જ વાતની શરૂઆત કરવી.
- કોઈને તુંકારે ન બોલાવવા.
- “Thank You” અને “માફ કરજો” શબ્દપ્રયોગ વધુ કરવો.
- પોતાનાથી મોટાની મર્યાદા રાખીએ

# ૧૦ શિલાન્યાસ વિધિ

- શિલાન્યાસ ઉત્સવમાં પધારો ત્યારે આપને આપેલ પાસ સાથે લાવવો ફરજિયાત છે.
- ના છુટકે પાસ રહી ગયો હોય તો પણ આપના પાસનો ફોટો આપના મોબાઈલમાં દેખાડવો ફરજિયાત છે.
- શિલાન્યાસ પાસ આપના ઝોનના કીટ કાઉન્ટર પર બતાવી ને પૂજનકીટ પ્રાપ્ત કરવાની રહેશે.
- કીટ પ્રાપ્ત કર્યા બાદ સભા મંડપમાં આપની સાથે અન્ય એક જ વ્યક્તિ ને પ્રવેશ મળશે.
- શિલાન્યાસ વિધિ દરમિયાન આપને મળેલ પૂજનકીટ માંથી બે સભ્યો એ સાથે લાભ લેવાનો રહેશે.
- સભા મંડપમાં સ્વયમસેવકની સૂચના મુજબ શીલા ગોઠવેલી હશે ત્યાં સ્થાન પ્રાપ્ત કરવાનું રહેશે.
- શિલાન્યાસ વિધિમાં શિલાનું પૂજન કરવાનું હોવાથી પગ ની તકલીફવાળા મુકતો એ પણ નીચે બેસવાનો આગ્રહ રાખવો અથવા પરિવાર ના સભ્યો ને જ શિલાન્યાસ વિધિ માં બેસાડવા.

**આ સૂચનાઓનો અમલ**
**પુરુષ અને મહિલા તમામ વર્ગે કરવાનો રહેશે.**